# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૨/૧/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ)

---

# ચેમ્બરમાં 'માસ્ટર કલાસ વીથ સુપર ઇન્વેસ્ટર્સ' વિષય ઉપર ઇન્ટરેકટીવ સેશન યોજાયું

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કેપીટલ માર્કેટ વીકની ઉજવણીના ભાગરૂપે રોકાણકારોની અવેરનેસ માટે 'માસ્ટર કલાસ વીથ સુપર ઇન્વેસ્ટર્સ' વિષય ઉપર ઇન્ટરેકટીવ સેશન યોજાયુ હતુ. જેમાં અલ્ટેસ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર્સના પાર્ટનર શ્રી સૌરભ બસરારે શેરબજારમાં રોકાણ કરવા માટેના વિવિધ ફેકટર્સ વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

શ્રી સૌરભ બસરારે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે શેરબજારમાં રોકાણ કરતી વખતે આંધળુ અનુકરણ જરાય ચાલે નહી. એમાં પોતાની રીતે અભ્યાસ કરીને ઇમ્પ્રુવ કરશો ત્યારે જ તમને કોન્ફીડન્સ આવશે. રોકાણ સિમ્પલ છે પણ ઇઝી નથી. એના માટે તમે કયા શેરમાં અથવા ઇકવીટીમાં રોકાણ કરો છો એના વિશેનો પોર્ટફોલિયો મેનેજ કરવાનો હોય છે. મલ્ટીબેગર્સ પોર્ટફોલિયોમાં રોકાણ કરો છો ત્યારે કઈ રીતે ખબર પડે કે કયો સ્ટોક મલ્ટીબેગર્સ છે. કયા ટાઇમ ફ્રેમમાં એ મલ્ટીબેગર બને છે એ પણ વિચારવાનુ રહેશે. તેમણે ટાઇમીગ ધ માર્કેટ અને વેઇટીગ કરેકશન ઈન એકચ્યુલ કરેકશન વિશે માહિતી આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે બાય એન્ડ હોલ્ડ ટર્મીનોલોજી ખોટી છે. બાય, હોલ્ડ એન્ડ રિવ્યુ એમ ટર્મીનોલોજી હોવી જોઇએ. સ્ટોક માર્કેટમાં માર્જીન ઓફ સેફટી છે તો તેને ખરીદી શકાય. એના માટે ફોરકાસ્ટ કરવુ પડશે. પણ કયારેક એવુ પણ બનતુ હોય છે કે ફોરકાસ્ટ સાચા હોય તેમ છતાં પૈસા બનતા નથી. કારણ કે માર્કેટ કેવી હશે તે કોઇ જ કહી શકે નહીં. આ બધી ચેલેન્જીસ આવતી હોય છે.

શ્રી બસરારે જણાવ્યુ હતુ કે, ઇન્ડીયન માર્કેટનો ઇતિહાસ ૨૦/૨૫ વર્ષ જૂનો છે અને યુએસમાં ૧૦૦થી વધુ વર્ષોની માર્કેટ હિસ્ટ્રી છે. ગ્લોબલી પરીબળોને કારણે માર્કેટમાં કોઇ બદલાવ આવી શકે ખરો તે પણ વિચારવાનુ હોય છે. કોઇપણ કંપનીના શેરમાં રોકાણ કરો તો એ કંપનીમાં લોન્ગ ટર્મ ગ્રોથ હોવી જોઇએ. ઇન્ડસ્ટ્રી ગ્રો કરતી હશે તો જ કંપની ગ્રો કરશે. કંપનીની આવક કેપીટલથી વધારે હોવી જોઇએ. કેશ ફલો પોઝીટીવ હોવો જોઇએ. કંપની જે નફો રળે છે એ કયાં ઇન્વેસ્ટ કરે છે એ બાબત પણ જોવી પડશે. આ પાંચેય બાબતો તમારા ફેવરમાં છે તો એમાં રોકાણ કરી શકાય.

તેમણે વધુમાં કહયુ હતુ કે સ્ટોકમાં ઇન્વેસ્ટ કરવા માટે રિસ્ક લેવો પડે છે. જેમાં ડેડ મની રિસ્ક, મેનેજમેન્ટ રિસ્ક અને બિઝનેસ રિસ્ક વિશે સમજણ આપી હતી. રોકાયેલા રૂપિયાનુ ધોવાણ થતુ નથી તે ડેડ મની રિસ્કમાં જોવાનું હોય છે. મેનેજમેન્ટ રિસ્કમાં મેનેજમેન્ટની ઉપર ભરોસાની વાત આવે છે. જયારે કંપનીનો બિઝનેસ કેટલો મજબુત છે તે બિઝનેસ રિસ્કમાં જોવાનુ હોય છે. આપણે આપણા પોર્ટફોલીયોમાં કયા રિસ્ક લેવા માગીએ છીએ એ વિશે આપણે વિચારવાનુ હોય છે. કોઇ એક આસ્પેકટને વધારે મહત્વ આપશો તો પણ નુકસાન થઇ શકે છે.

તેમણે વધુમાં કહયુ કે સ્ટોક માર્કેટમાં સૌથી સારા રૂપિયા બને છે. સારી કંપની, ભરોસાપાત્ર મેનેજમેન્ટ, કંપનીની બ્રાન્ડ અને ફાયનાન્શીયલ ગ્રોથ સારો હોય તો એવી કંપનીમાં લોન્ગ ટર્મ માટે પ્લાનીગ કરી શકાય. માર્કેટમાં ફિકસ રૂલ્સ નથી. આખો સમય સતત શીખતા રહેવુ પડે છે. રૂપિયો કમાવવાનો કોઇ શોર્ટકટ નથી. હાર્ડવર્ક, રિસર્ચ અને કંપની સમજવી ખૂબ જ અગત્યનુ હોય છે.

આ સેમિનારમાં ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડીટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી રાકેશ દોશી તથા કમિટીના સભ્યો શ્રી દિપેશ પરીખ, શ્રી કેયુર મહેતા અને શ્રી બિરેન શાહે પ્રાસંગિક વિધીઓ કરી હતી. સેમિનારના અંતમાં વકતાશ્રીએ સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.